**૯/૩/૨૨** દક્ષિણ ગુજરાત પ્રદેશ કક્ષા બાળ પ્રતિભા શોધ સ્પર્ધાઃ અસ્તાન, તા. બારડોલી, જિ. સુરત મુકામે યોજાય. જેમાં શાળાના વિદ્યાર્થીઓએ ભાગ લીધો અને વિજેતા બન્યાં.

| ક્રમ | સ્પર્ધાનું નામ | વિભાગ | વિ.ઓનાં નામ | ધોરણ | પરિણામ |
|---|---|---|---|---|---|
| ૧ | વકતૃત્વ સ્પર્ધા | બ | મોદી પ્રેક્ષા નરેશભાઇ | ૭-બ | ભાગ લીધો |
| ૨ | લગ્નગીત | બ | પઢિયાર હેત્વી ચિંતનભાઇ- ૬બ<br>રાઠોડ વિધી શામજીભાઇ<br>ટંડેલ પ્રિયાંશી જયેશભાઇ<br>ફરસરામી કાવ્યા કિશનભાઇ<br>વસાવા સાક્ષી વાલ્મિકભાઇ | ૮-અ | દ્વિતીય |

> જીવનમાં એ જ વ્યકિતઓ અસફળ થાય છે જે માત્ર વિચાર કરે છે, પણ તેને અમલમાં મૂકતા નથી

**૧૭, ૨૨/૩/૨૨ વેક્સીનઃ** ધો- ૬ થી ૮ ના બાળકોને corbevax નો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો.

**૨૩/૪/૨૨**ગણિત વિષયનો વર્કશોપ સેમિનારઃ ધો- ૫ થી ૯ ના ગુ.મા. અને અં.મા. નાં વિદ્યાર્થીઓને સૌથી વધુ અઘરા લાગતા ગણિત વિષયને સરળ બનાવવા અને ગણિતના બેઝિક ખ્યાલો ડેવલોપ થાય તે માટે વિશિષ્ટ વર્કશોપ નારાયણ બાપુના આશ્રમ પર યોજવામાં આવ્યો. જેમાં મુખ્ય મહેમાન તરીકે **મા.શ્રી વિરલભાઇ મિસ્ત્રી** ( તજજ્ઞશ્રી ગણિત, વિજ્ઞાન ઉદેલ હાઇ. જિ. આણંદ ) જેમાં તેમણે પેપર કટીંગ, ચાર્ટ દ્વારા રમતગમતો ગણિતની સંકલ્પનાઓ દ્રઢ કરાવી.

**૧૩/૬/૨૨ શાળા પ્રવેશોત્સવઃ** ધો - ૬ થી ૧૨ ગુ.મા. અને અં.મા.ના વિદ્યાર્થીઓના શાળા પ્રવેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું.વિદ્યાર્થીઓના શાળાનો પ્રથમ દિવસ યાદગાર રહે તે માટે તેમનું કંકુ-તિલક તેમજ મીઠુ મોં કરાવી સ્વાગત કરવામાં આવ્યું.શાળાના આચાર્યશ્રી તેમજ શિક્ષકો દ્વારા શૈક્ષણિક કાર્ય અંગેની માહિતી અને પ્રેરણાત્મક વકતવ્ય દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી.




**૨૭/૬/૨૨વર્કશોપ સેમીનારઃ** શ્રી ધર્મેન્દ્રભાઇ રાવતઃ ધો- ૬ થી ૮ ના વિદ્યાર્થીઓને ધોરણ પ્રમાણે મેમરી ટ્રેનિંગ, હેન્ડ રાઇટીગ ઇમ્પ્રુવમેન્ટ, ઇંગ્લીશ સ્પીકીગ અને કોમ્યુનિકેશનનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.



**૪/૭ થી ૨૨/૮/૨૨ બી.એડ. તાલીમાર્થી બહેનોની ઇન્ટર્નશીપ :** મુન્શી મહિલા બી.એડ કોલેજ, ભરૂચ અને શ્રી ઉકાભાઇ ડોડીયા બી.એડ, કોલેજ, સિમાર, વેરાવળ દ્વારા બી.એડ. ની તાલીમાર્થી બહેનોને નવા અભ્યાસક્રમના ભાગરૂપે પ્રાયોગિક કાર્ય અંતર્ગત ૭ અઠવાડિયા માટે ઇન્ટર્નશીપ શાળામાં શરૂ કરી

**૭/૭/૨૨ વર્કશોપ સેમીનારઃ** શ્રી રોહિતભાઇ પારેખ દ્વારા શાળાના ધો- ૬ થી ૧૨ ના વિદ્યાર્થીઓને ચેસની રમતનું માર્ગદર્શન આપવામાંઆવ્યું





**૧૦/૭/૨૨** શાળા પંચાયતની ચૂંટણીઃ શાળામાં લોકશાહી ઢબે શાળા પંચાયતની ચૂંટણી કરવામાં આવી. જેમાં ધો- ૬ થી ૮ ના બાળકોએ ઉત્સાહભેર મતદાન કર્યું. જેમાં શાળામાં ઉ.પ્રા.વિભાગમાં જી.એસ. તરીકે પટેલ હેમિલ કે. (૮-અ) અને એલ.આર તરીકે કાયસ્થ ધ્રુવી આર. (૮અ) જંગી બહુમતીથી ચૂટાઇ વિજેતા બન્યાં હતાં. કન્વીનર શિક્ષકઃ શૈલેન્દ્રસિંહ ગોહિલ

**૧૨/૭/૨૨** શાળાના કોમર્સ વિભાગમાં યોજાયેલ વર્કશોપ સેમિનારમાં શ્રી જિજ્ઞેષભાઇ જોષી તથા કંચનબેન પરમાર નિર્ણાયક તરીકે હાજર રહ્યાં.

**૧૩/૭/૨૨ <u>ગુરુ પૂર્ણિમાની ઉજવણી :</u>** શાળાની ઉત્તરોત્તર પ્રગતિ તેમજ ભાવાવરણની અનુભૂતિ કરાવનાર પરમ પૂજ્ય શ્રી નારાયણ બાપુનું ગુરુપૂર્ણિમાના દિવસે શાળા પરિવાર દ્વારા પૂજન કરીને ગુરૂવંદના કરવામાં આવી.

**૧૫/૭/૨૨** બાળપ્રતિભા શોધ સ્પર્ધા ભાગ- ૧ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓ યોજાય.

**૧૭/૭/૨૨** બાળપ્રતિભા શોધ અંતર્ગત નિબંધલેખન, ચિત્ર, સર્જનાત્મક કારીગરી, સ્વરચિત વાર્તાલિખન, દિવાળી કાર્ડ, વગેરે સ્પર્ધાઓ યોજાય.






**૨૧/૭/૨૨ થી ડી ફિલ્મ:** શાળાના બાળકોને જ્ઞાન સાથે રોમાંચની અનુભૂતિ કરાવે તેવો થ્રીડી એજયુકેશન સાયન્સ-શો બતાવવામાં આવ્યો. જેમાં અવકાશ દર્શન, ડાયનોસોર પાર્ક, દરિયાઇ જીવોનો અદ્દભૂત નજારો વિદ્યાર્થીઓએ થ્રીડી-શો થકી નિહાળ્યો. શાળાના શિશુથી માંડીને ધો-૧૨ સુધીનાં બધાં જ બાળકોએ લાભ લીધો.





**૯/૭/૨૨** કલાભારતી ચાઇલ્ડ આર્ટ ઇન્સ્ટીટ્યુટ અંતર્ગત નેશનલ ડ્રોઇંગ, હેન્ડરાઇટીગ, ઇઝી રાઇટીગ સ્પર્ધા યોજાઇ. જેમાં ધો- ૬ થી ૮ માંથી ડ્રોઈંગમાં-૯૨, હેન્ડરાઇટીગ- ૩૨, ઇઝી રાઇટીગ- ૧૭ ટોટલ ૧૪૧ વિદ્યાર્થીઓઅ ભાગ લીધો. કન્વીનરઃ અરવિંદભાઇ પરમાર

**૨૧/૮/૨૨બાળપ્રતિભા શોધ** સ્પર્ધાનો ભાગ- ૨ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓ યોજાય. કન્વીનરઃ શેફાલીબેન ઠાકર

**૫/૮/૨૨ શાળામાંથી કલા ઉત્સવ હેઠળ આઝાદી કા અમૃત મહોત્સવ** અંતર્ગત "હર ઘર તિરંગા" ની વિવિધ સ્પર્ધાઓમાં સી.આર.સી. કક્ષાએ ભાગ લીધો. જેમાં ચિત્ર સ્પર્ધામાં -રાજ કૃષ્ણકુમાર સુરેન્દ્રસિંહ (પ્રથમ ક્રમે), કવિ સંમેલનમાં - ટંડેલ પ્રિયાંશી જયેશભાઇ (પ્રથમ ક્રમે), સંગીત સંમેલન (ગાયન)- માછી આયુષી મેહુલભાઇ (પ્રથમ ક્રમે), સંગીત સંમેલન (વાદન)- લીમ્બચીયા કાવ્યા અમિતભાઇ (પ્રથમ ક્રમે) વિજેતા બન્યાં. કન્વીનરઃ શેફાલીબેન ઠાકર

**૮/૮/૨૨** શાળામાંથી કલા ઉત્સવ હેઠળ આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત "હર ઘર તિરંગા" ની વિવિધ સ્પર્ધાઓમાં બી.આર.સી. કક્ષાએ ભાગ લીધો. જેમાં કવિ સંમેલનમાં ટંડેલ પ્રિયાંશી જયેશભાઇ <u>દ્વિતીય ક્રમે</u> વિજેતા બન્યાં. કન્વીનરઃ શેફાલીબેન ઠાકર